Sarva VidyalayaKelavani Mandal managed
UMA ARTS AND NATHIBA COMMERCE MAHILA COLLEGE
SarvaVidyalaya Campus, Sector - 23, Gandhinagar – 382023
(Estd. in 1991, Affiliated with Gujarat University-College Code 191 – AISHE Code C-5881)
NAAC (Cycle-3) 'A' Grade - 3.32 CGPA --College with Potential for Excellence Phase-II
SINCE 1919
E-Mail:artscollegeuma@gmail.com||Website: uancmahilacollege.org|Mobile: 77789 20502
Youtube: UANC Mahila College, Gandhinagar ||Twitter: @UmaandNathiba

# SAMVAAD સંવાદ
## Activity Report
## 2021-2022

**Programme 1:**
7 October, 2021
BHAVAAI - ભવાઈ

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના 'સંવાદ'ના ઉપક્રમે તા. ૦૭ ઓક્ટોબર ૨૦૨૧, ગુરુવારના રોજ કોલેજના કોન્ફરન્સ રૂમ નંબર ૨માં ૧૦.૩૦ કલાકથી ગુજરાતી જુની રંગભૂમિની નાટય પરંપરા 'ભવાઈ' પર કાર્યક્રમ યોજવામાં આવ્યો. 'સંવાદ' પ્રવૃત્તિનો હેતુ કોલેજની વિદ્યાર્થીઓને વિશ્વના વિવિધ વિષયો અને આયામો અંગેની માહિતી મળે, ઈતિહાસની વિવિધ ચળવળો અને તેને આધારિત તવારીખો વિશે અવગત થાય, વિજ્ઞાન અને અન્ય આનુસંગિક વિષયોના સંશોધનોની માહિતી મળે, તેમ જ સારાં પુસ્તકો, ફિલ્મ અને સર્જકો સાથે સીધો સંવાદ થાય, અને સૌથી અગત્યનું કે આ વિદ્યાર્થીઓની સમજણશક્તિ વિસ્તૃત થાય તેમજ તેમની પોતાની સર્જનશક્તિ ખીલી ઉઠે – તેવો છે.

'સંવાદ'ના પ્રથમ સોપાન રૂપે એસ. ડી. આર્ટસ અને બી. આર. કોમર્સ કોલેજ, માણસાના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા ડૉ. તુષાર વ્યાસને 'ભવાઈ' વિષય પર વ્યાખ્યાન માટે આમંત્રવામાં આવ્યા હતા. ડૉ. તુષાર વ્યાસે ભારત સરકારના યુનિવર્સીટી ગ્રાન્ટસ કમીશન દ્વારા એનાયત મેજર રીસર્ચ પ્રોજેક્ટ 'ભવાઈ' વિષય પર કરેલ છે તેમ જ તેમનું કાર્ય આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રશંશા પામેલ છે.

કાર્યક્રમની શરૂઆતમાં 'સંવાદ'ના કો-ઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરાએ સૌનું સ્વાગત કર્યું 'સંવાદ' પ્રવૃત્તિ વિષેની વિસ્તૃત માહિતી આપી અને ડૉ. તુષાર વ્યાસનો પરિચય આપ્યો. ત્યારબાદ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. હરીતભાઈ પટેલે ડૉ. તુષાર વ્યાસનું ગુલદસ્તો આપીને સ્વાગત કર્યું અને શાબ્દિક આવકાર આપ્યો. ડૉ. હરીતભાઈ પટેલ અને ડૉ. તુષાર વ્યાસને બાળપણનો સંબંધ છે તેના સંસ્મરણો તાજા કર્યા.

ત્યારબાદ ડૉ. તુષાર વ્યાસે 'ભવાઈ' વિષય પર તેમનું સંશોધન રજુ કર્યું. જેમાં મુખ્યત્વે ભવાઈની શરૂઆત – અસાઈત ઠાકર અને ગંગા – ભવાઈના વિવિધ વેશો – શરૂઆતના ગણપતિ – ભવાઈ ભજવવા પાછળ સમાજ સુધારણાની ઘટના – ક્યાં, કેવી રીતે, શા માટે ભવાઈ થાય – વિગેરે આયામો પર ખૂબ જ રસપ્રદ વિગતે ચર્ચા કરી. સમયના અભાવે અમુક જ મુદ્દા ચર્ચી શકાયા.

અન્તે વિદ્યાર્થીઓએ ખુબ રસપૂર્વક અને સરસ પ્રકારના પ્રશ્નો પૂછ્યા જેના જવાબ પણ સંતોષજનક રહ્યા. કાર્યક્રમના અન્તે 'સંવાદ'ના કમીટીના સભ્ય પ્રા. પાયલબેન પંડ્યાએ આભારવિધિ કરી. આ કાર્યક્રમમાં કુલ

૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમ જ કમિટીના સભ્યો પ્રા. પાયલબેન પંડ્યા, ડૉ. મનુભાઈ પરમાર, પ્રા. તેજસ શાહ તેમ જ ડૉ. હિનાબેન મહેતા, ડૉ. મયુરીબેન પટેલ, ડૉ. રાકેશભાઈ પ્રજાપતિ અને ડૉ. નરેશભાઈ દવે હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો.





**Programme 2:**
9 Feb., 2022
ક્રિએટીવ રાઈટીંગ

સર્જન એ જ કરી શકે જેને ઈશ્વરના આશીર્વાદ અને વરદાન હોય. લેખકોને આવું વિશિષ્ટ સન્માન હોય છે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસકાળ દરમ્યાન અભ્યાસક્રમ ઉપરાંત બીજુ કંઈક વિચારી શકે, જીવનના વિવિધ આયામો, પ્રસંગો અને ઘટનાઓને સાહિત્ય, ફિલ્મ અને અન્ય સર્જનાત્મક માધ્યમોથી સમજી શકે તેમજ અનુભવી શકે તેવા હેતુસર ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ ખાતે 'સંવાદ'ની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. 'સંવાદ' અંતર્ગત તા. ૯/૨/૨૦૨૨ના બુધવારને રોજ 'ક્રિએટીવ રાઈટીંગ' કાર્યક્રમ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓમાં સર્જનશક્તિ ખીલવવાનો તેમ જ પોતે રચેલ કૃતિની રજૂઆત કેવી રીતે કરવી આવા ઉભય હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. હરિતભાઈ પટેલે વર્તમાન સ્પર્ધાત્મક સમયને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થિનીઓને પોતાની ક્રિએટીવ શક્તિને બહાર લાવવા પર ભાર મુક્યો હતો. 'સંવાદ' પ્રવૃત્તિના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરાએ વિદ્યાર્થિનીઓને આ પ્રવૃત્તિનુ મહત્ત્વ સમજાવીને, દરેકમાં શક્તિઓ રહેલી જ છે, બસ તેને બહાર લાવવા અમારે નિમિત્ત બનવાનું છે, તેમ જણાવીને કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા શરૂઆતમાં જ ડૉ. પ્રણવ જોષીપુરાએ સ્વરચીત બે કવિતાઓનું પઠન કર્યું. કુલ ૧૯ વિદ્યાર્થિનીઓએ પોતાની સ્વરચિત સર્જનોનું વાંચન કર્યું હતું. જેમાં કવિતા, વાર્તા, પાત્રવર્ણન, પ્રસંગવર્ણન, વિગેરે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમોમાં રજૂ કરવામાં આવ્યા. વિદ્યાર્થી અવસ્થામાં આવા પ્રકારનું લેખન ખરેખર પ્રોત્સાહજનક છે. અને સાહિત્યવિશ્વનું ઉજ્જવળ ભવિષ્ય દર્શાવે છે.

આ કાર્યક્રમમાં 'સંવાદ' સમિતિના પ્રા. પાયલબેન પંડ્યા, ડૉ. મનુભાઈ પરમાર તેમજ પ્રા. તેજસભાઈ શાહ ઉપરાંત બહોળી સંખ્યામાં અધ્યાપકોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થિનીઓનો ઉત્સાહ વધાર્યો હતો.


## ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં સર્જનાત્મક લેખન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના સંવાદ દ્વારા સર્જનાત્મક લેખન કાર્યક્રમ યોજાયો હતો. સંવાદ અંતર્ગત ક્રિએટીવ રાઈટીંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. હરિતભાઈ પટેલે વિદ્યાર્થીનીઓને પોતાની ક્રિએટીવ શકિતને બહાર લાવવા પર ભાર મૂકયો હતો. સંવાદ પ્રવૃત્તિના ઈન્ચાર્જ ડૉ. પ્રણવ જોષીપુરાએ વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિનું મહત્વ સમજાવ્યું હતું. કોલેજની ૧૯ વિદ્યાર્થીનીઓએ પોતાની સ્વરચિત સર્જનોનું વાંચન કર્યું હતું. જેમાં કવિતા, વાર્તા, પાત્ર વર્ણન, પ્રસંગ વર્ણન વિગેરે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં સંવાદ સમિતિના પાયલબેન પંડયા, ડૉ. મનુભાઈ પરમાર તેમજ તેજસભાઈ શાહ ઉપરાંત બહોળી સંખ્યામાં અધ્યાપકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.














**Programme 3:**
28 Feb., 2023
Film Screening -'The Pianist'

કોલેજમાં ચાલતી 'સંવાદ' પ્રવૃત્તિ અંતર્ગત તા. ૨૮/૨/૨૦૨૨ સોમવારના રોજ સવારે ૯.૪૫ કલાકે રૂમ નંબર ૨માં ફિલ્મ શોનું આયોજન કરવવામાં આવેલ. ઘણી ફિલ્મો એવી છે કે જેના દ્વારા વિશ્વના ઈતિહાસનાં અલગ-અલગ પાસાંને સમજી અને જાણી શકાય. આવી જ એક અંગ્રેજી ફિલ્મ 'ધ પીઆનીસ્ટ' વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવી. આ ફીલ્મમાં બીજા વિશ્વયુદ્ધ વખતે પોલેન્ડના એક સારા પ્રકારના પીઆનો વાદક જર્મનીના સકંજામાં આવી જાય છે અને ત્યારબાદ તેને પોતાની જ કળા કેવી છોડાવે છે તે આ ફિલ્મની મુખ્ય વાર્તા છે. પરન્તુ આ વાર્તાના બેકગ્રાઉન્ડમાં નાઝી આર્મી દ્વારા કેવાકેવા પ્રકારે અત્યાચારો આચરવામાં આવતા હતા તેની જાણકારી પ્રાપ્ત થાય છે. ખુબ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ ફીલ્મ નિહાળી.




**Programme 4:**
9 April, 2022

‘સંવાદ’ પ્રવૃત્તિ હેઠળ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ અંતર્ગત વર્ષના ચોથા કાર્યક્રમ ‘અભિવ્યક્તિ’નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પોતાના દ્વારા જ લખાયેલ કવિતા, વાર્તા, પત્રો, નિબંધ, પ્રવાસવર્ણન, વ્યક્તિવર્ણન તેમ જ અન્ય કોઈ પણ સર્જનાત્મક લેખન રજૂ કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં ‘સંવાદ’ના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોશીપુરાએ સર્જનાત્મકતાની વાત કરી અને પોતે લખેલ કવિતા ‘ઝાડ પડી ગયું’ ની રજૂઆત કરી. ત્યારબાદ કુલ ૪૧ વિદ્યાર્થીનીઓએ હાજર રહીને પોતપોતાની કૃતિઓ ખુબ અસરકારક રીતે રજૂ કરી.

કાર્યક્રમમાં ‘સંવાદ’ સમિતિના ડૉ. મનુભાઈ પરમાર, પ્રા. તેજસભાઈ શાહ, અને પ્રા. પાયલબેન પંડયા ઉપસ્થિત રહીને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યાં.

**Programme 5:**
9 April, 2022
LOGO Making

‘સંવાદ’ પ્રવૃત્તિને પોતાનો લોગો નથી. તેથી ‘સંવાદ’ના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોશીપુરાએ હાકલ પાડી કે સંવાદમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ લોગો બનાવે અને દરેક લોગો બનાવનારને સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ વાત સાભળીને કુલ ૨૯ વિદ્યાર્થીનીઓએ ખૂબ જ સર્જનાત્મક લોગો બનાવ્યા અને તેને રજૂ પર કર્યાં. ત્યાબાદ તમામ લોગો બનાવનારને સર્ટીફીકેટ આપીએ પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

Uma Arts & Nathiba Commerce Mahila College, Gandhinagar

SAMVAD
સંવાદ

SAMVAD LOGO CREATORS

સંવાદના લોગો સર્જકો

9 April, 2021

Gauriba Chavda: SYBA : 505




Jhanavi Brahmbhatt : FYBA : 31




Kajal Maiyad : FYBA : 241




Kajal Maiyad : FYBA : 241




Kshama Suthar : FYBA : 39





Nishtha Sarvaiya : SYBA : 425





Nishtha Sarvaiya : SYBA : 425





Priyanka Rathod : FYBCom :




Roshani Rathod : FYBCom : 1063





Rupa Desai : SYBA : 561




Simran Mozhar : SYBA : 410




Urvshi Thakor : SYBA : 430




Urvi Virani : SYBCom : 1321




Sujan Modan : FYBA : 265

